સહકાર હવે એના પૂર્ણ સ્વરૂપમાં ...

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

Amul The Taste of India

Dudhsagar The Pride of India

અંક - ૦૭ | જાન્યુઆરી - ૨૦૨૨

www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

## સત્તા પરિવર્તનનું એક વર્ષ પૂર્ણ થવાને આરે અને આ દરમ્યાન

# દૂધસાગરમાં વિશ્વાસનું વાવેતર



**(અહેવાલ : દૂધસાગર પત્રિકા)**

સહકારની શુધ્ધ ભાવનાનું પુનઃ સ્થાપન થાય અને સ્વ.માનસિંહભાઈ પટેલ તથા સ્વ.મોતીભાઈ ચૌધરીની આ ધરોહર એવી દૂધસાગર ડેરીના ભવ્ય ભૂતકાળનું આવનાર ભવિષ્યમાં પરિવર્તન થાય તે માટે ૬ લાખ ૫૦ હજાર પશુપાલકોના સહિયારા પ્રયત્નોથી ગત ૧૫ જાન્યુઆરી ૨૦૨૧ ના રોજ દિવાકરની સાક્ષીએ દૂધસાગરમાં સત્તા પરિવર્તન થયું હતું. ચૂંટાયેલા પશુપાલકોના પ્રતિનીધીઓએ આ શુભ દિવસે શ્રી. અશોકભાઈ બી. ચૌધરીને સર્વસંમતીથી બંધારણીય પવિત્રતાને અકબંધ રાખતાં આ સંસ્થાના ચેરમેન પદે સ્વીકારી લીધા હતા. પોતાના સત્તા ગ્રહણ સમારંભમાં એ દિવસે ઉપસ્થિત હજારો પશુપાલકોની હાજરીમાં શ્રી. અશોકભાઈ ચૌધરીએ આપણી દૂધસાગરનો વહિવટ હાથમાં લીધો હતો. પ્રથમ દિવસે જ **“પશુપાલક આ સંસ્થાનો પ્રાણદાતા છે અને અમારા વહિવટના કેન્દ્રસ્થાને તેનો હક પ્રથમ આવે છે”** અને **“પારદર્શક વહિવટની ખાતરી સાથે હવેની દૂધસાગર પશુપાલકોને અન્ય ડેરીઓ જેટલો જ દૂધનો ભાવ આપતી થઈ જશે”** આ બંન્ને બાબતોની ઉદઘોષણા સાથે નવું નિયામક મંડળ અસ્તિત્વમાં આવ્યું હતું. અને ત્યારબાદ; એક પછી એક નિર્ણયો પશુપાલકોના હિતમાં લેવાતા ગયા. **સંકલ્પ ધીમે પગલે - પણ - મક્કમ ગતિએ આગળ વધતાં ગયા અને સિધ્ધીનું સ્વરૂપ લેતા ગયા !**


આજથી આશરે એક વર્ષ પહેલાં દૂધસાગરમાં બદલાયેલા સત્તાના સૂત્ર કેટલાં સાર્થક નિવડ્યા ? અને એક વર્ષમાં આપણી દૂધસાગરમાં શુ બદલાયું ? આવા સવાલો અને જિજ્ઞાસાઓનું ભાથું બાંધી સાડા છ લાખ પશુપાલકોનું પ્રતિનિધીત્વ પોતાના કાર્યક્ષેત્રમાં કરતી આપણી **દૂધસાગર પત્રિકા** પહોંચી આ સંસ્થાના ઉચ્ચ અધિકારીઓ પાસે, જે-તે વિભાગોના જવાબદાર વડાઓ પાસે, ઉપરથી લઈને નીચે સુધીના કાર્ય કરતા કર્મચારીઓ પાસે ... આ દરમ્યાન અમે કેટલાક પશુપાલકો સાથે પણ વાત કરી. આજથી એક વર્ષ અગાઉ અનેક આશાઓ અને અપેક્ષાઓ વચ્ચે દૂધસાગરનો વહિવટ શ્રી.અશોકભાઈ ચૌધરી અને નિયામક મંડળ ને સોંપવામાં આવ્યો. એ સમયે લાખો પશુપાલકોના મનમાં એક જિજ્ઞાસા હતી કે : દૂધસાગર વિકાસની છલાંગ લગાવશે ? તેના ઉપર થયેલા દેવાં અને વ્યાજના કુચક્રમાંથી બહાર નિકળશે ? કળીયુગી માહોલની શિકાર બનેલી આ ડેરીમાં શુ સતયુગી પવન ફૂંકાશે? શું દૂધસાગર ફરી એ ભવ્ય વારસાનો વૈભવ પરત મેળવશે ? લાખોની આજીવીકા પર લાગેલું ગ્રહણ દૂર થશે ? તો આવો ... દૂધસાગર ડેરીના વર્તમાન ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરીએ સૌને આપેલી હૈયાધારણા અને વિશ્વાસને કેટલી સફળતા મળી ... એના લેખાં જોખાં કરીએ ...

### ૨૦૨૦ ની સરખામણીમાં : નવા નેતૃત્વના ૨૦૨૧ ના દૂધના ભાવ અને સંપાદનના આંકડા

# નવા નિયામક મંડળના ૩૦ રૂપિયાના


### ભાવ વધારાને પરિણામે ગ્રાહકોને ૧૦૦ કરોડથી વધુનો ફાયદો

ઈ.સ ૧૯૬૩ થી સ્થાપિત મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (દૂધસાગર ડેરી) ના પાંચમા ચેરમેન શ્રી.અશોકભાઈ બી. ચૌધરી એ પોતાના ચૂંટણી વચનમાં આ સંસ્થાના દૂધ ઉત્પાદકોને ગુજરાતના અન્ય સાત ડેરી સંઘોની સરખામણીમાં પૂરા ભાવ આપવાનું વચન આપ્યું હતું. પોતાના શાસનના છ માસ દરમ્યાન ગત ૮ જુલાઈ ૨૦૨૧ ના રોજ મળેલી સાધારણ સભામાં તેમણે કુલ ૩૦ રૂપિયા ભાવ વધારી બનાસ ડેરીના સમકક્ષ કરી પોતાનું પ્રથમ વચન પૂર્ણ કર્યું હતું. પરિણામ સ્વરૂપ વિતેલા દશ વર્ષોમાં પહેલીવાર મહેસાણા દૂધ સાગર સાથે જોડાયેલા પશુપાલકોને ૬૮૦ રૂપિયા ભાવ વર્તમાન કાળે મળી રહ્યા છે. દૂધના આ પોષણક્ષમ ભાવ મળવાને પરિણામે ઉત્તર ગુજરાતના મહેસાણા-પાટણ-ગાંધીનગર જિલ્લાના આશરે ૬.૫૦ લાખ પશુપાલકો માટે દૂધનો વ્યવસાય હવે એક નવું આશાનું કિરણ બની ગામડાના અર્થતંત્રને ધબકતું કરી રહ્યું છે. ૨૦૨૦ ની સરખામણીમાં શ્રી.અશોકભાઈ ચૌધરીના નેતૃત્વના ૨૦૨૧ ના વર્ષના દૂધના ભાવનો નીચે મુકેલ સત્તાવાર આંકડાનો આ ગ્રાફ તેની સાક્ષી પુરી રહ્યો છે :




ઉપરોક્ત ગ્રાફ દૂધસાગર પત્રિકાને દૂધસાગર ડેરીના સત્તાવાર ઓફિસના જવાબદાર અધિકારીઓ પાસેથી પ્રાપ્ત થયેલા દૂધના ભાવ આધારીત આંકડા અનુસાર દૂધસાગર પત્રિકાની ટીમે તૈયાર કર્યો છે. જેમાં ■ લાલ કલર એ 2020 અને ■ વાદળી કલર શ્રી. અશોકભાઈ ચૌધરી (ચેરમેનશ્રી) શાષિત વર્ષ 2021 ને સૂચિત કરે છે. (તંત્રી : મહેશ ચૌધરી)

વિતેલા ૧૦ વર્ષો બાદ દૂધસાગર ડેરીને સમૃધ્ધી બક્ષતા પશુપાલકોને પોતાની પરસેવાની સાચી કમાણી મળતાં ગત વર્ષ કરતાં દૂધસાગર ડેરીને દૂધની પ્રાપ્તી ઉડીને આંખે વળગે તે પ્રકારે થઈ રહી છે ! દૂધના ભાવમાં નવા મેનેજમેન્ટ તરફથી કરવામાં આવેલ વધારા પછી સ્થાનિક દૂધ ઉત્પાદકોએ વર્તમાન સમય **શ્રી.અશોકભાઈના વચનમાં વિશ્વાસ મુકી સાગરની ગાગરને છલકાવી દીધી છે !!** ગત વર્ષના સરેરાશ દૂધ સંપાદન સામે ચાલુ વર્ષમાં આપણે ૧૪% દૂધની આવકમાં વધારો પ્રાપ્ત કરી રહ્યા છીએ. અને, દૂધની ફ્લશ સીઝન શિયાળો હોવા છતાં દૂધના ભાવમાં નવા મેનેજમેન્ટ દ્વારા કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી. જેના પરિણામે, પશુપાલકોમાં આ વ્યવસાય પ્રત્યે ધીમે પગલે વિશ્વાસ વધી રહ્યો છે. દૂધ સંપાદનના વર્ષ ૨૦૨૦ અને વર્તમાન વર્ષ ૨૦૨૧ ની સરખામણી કરતાં સત્તાવાર આંકડા પ્રમાણે નીચે તૈયાર કરેલ ગ્રાફ વાંચકોને સાદી સમજ આપે તે માટે મુકી રહ્યા છીએ :




ઉપરોક્ત ગ્રાફ દૂધસાગર પત્રિકાને દૂધસાગર ડેરીના દૂધ સંપાદન વિભાગ દ્વારા પ્રાપ્ત થયા છે. જેમાં દૂધ સંપાદન (લાખ કિ.ગ્રા/પ્રતિદિવસ) પ્રમાણે છે. ચેરમેનશ્રી & ટીમ આગામી પાંચ વર્ષમાં દૂધ સંપાદનને પ્રતિદીન ૫૦ લાખ લિટરનું લક્ષાંક ધરાવે છે.

# દૂધ સંપાદનમાં ૬૧ વર્ષે સાગરે મેળવ્યો એક નવો માઈલસ્ટોન



ઈ.સ. ૧૯૬૦ થી સ્થાપિત મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘે આ ડિસેમ્બર - ૨૦૨૧ ની ૨૨ તારીખના રોજ સંસ્થાના ૬૧ મા વર્ષે દૂધ સંપાદન ક્ષેત્રે એક નવો આયામ પ્રાપ્ત કર્યો છે. આ સંસ્થાના વડા શ્રી.અશોકભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ સમગ્ર નિયામક મંડળ દ્વારા જે અગાઉના દૂધના ભાવ કરતાં ૩૦ રૂપિયાનો વધારો કરવામાં આવતાં દૂધ ઉત્પાદકોમાં એક વિશ્વાસનું વાતાવરણ ઉભુ થયું છે. જેની ફલશ્રુતિ રૂપ તા. ૨૨-૧૨-૨૦૨૧ ના રોજ દૂધસાગર ડેરીને **વિક્રમ જનક ૨૪,૩૨,૭૫૧ દૂધ** પ્રાપ્તિ થતાં તમામ વર્ષોના રેકોર્ડ તૂટી જવા પામ્યા છે. અગાઉ ઈ.સ. ૨૦૧૮ ના વર્ષની તા.૧૨-૦૧-૨૦૧૮ ના રોજ આશરે ત્રણ વર્ષ અગાઉ આ સંસ્થાને ૨૪,૨૯,૫૮૫ કિલો દૂધ પ્રાપ્ત થવા પામ્યુ હતું.

ઉલ્લેખનીય છે કે ; શિયાળાની ઋતુમાં જાન્યુઆરીથી ફેબ્રુઆરીના શરૂઆતના દિવસોમાં સામાન્ય રીતે દૂધ પ્રાપ્તિમાં વધારો જોવા મળતો હોય છે. ત્યારે, આ વખતે ડિસેમ્બર - ૨૦૨૧ માં જ ત્રણ વર્ષ પહેલા નો રેકોર્ડ તૂટતાં આવનાર તાજેતરનાં દિવસોમાં જ દૂધસાગર દૂધ ઉત્પાદનના ક્ષેત્રમાં હજી નવી ઉંચાઈઓ પ્રાપ્ત કરશે તેવી સ્પષ્ટ સંભાવનાઓ ડેરી ક્ષેત્રના નિષ્ણાતો જોઈ રહ્યા છે.


આ બાબતે પ્રકાશ પાડતાં દૂધસાગર ડેરીના એક ઉચ્ચ અધિકારીએ દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં જણાવ્યું કે ; નવા નેતૃત્વ દ્વારા વહિવટમાં રાખવામાં આવતી દર્પણ જેવી પારદર્શિતાના પરિણામે આપણે શિયાળાની ઋતુમાં પણ દૂધના ભાવો અકબંધ રાખવામાં સફળ રહ્યા છીએ. પરિણામ સ્વરૂપ પશુપાલકોમાં એક વિશ્વાસનું વાતાવરણ નિર્માણ પામ્યું છે. વળી, સંસ્થાના ચેરમેનશ્રી વારંવાર પશુપાલકોને દૂધના ભાવોની બાબતમાં નિશ્ચિંત રહેવાની અપીલ કરતા રહે છે. જેના પરિણામે આ વ્યવસાય પ્રત્યેનો ભરોસો વધતો જોવા મળ્યો છે. નવા નેતૃત્વની રાહબરી નીચે દૂધસાગર ડેરીનો સી.એસ. વિભાગ કે જે ગામડાઓની દૂધ મંડળીઓ સાથે સીધો સંપર્ક ધરાવતો વિભાગ છે. આ વિભાગની બદલાયેલી હકારાત્મક કાર્યશૈલી ના પરિણામે પણ દૂધસાગર ઉત્તરો-ઉત્તર દૂધ સંપાદનના ક્ષેત્રમાં હજી નવા શિખરો સર કરે તેવા ઉજળા સંજોગોનું નિર્માણ થવા પામ્યું છે.

દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં સંસ્થાના વાઈસ ચેરમેન શ્રી.અમરતભાઈ દેસાઈ અને અન્ય સભ્યોએ જણાવ્યુ કે ; અમારા નિયામક મંડળ સહિત ચેરમેનશ્રી નું લક્ષ છે કે આગામી ચાર વર્ષમાં દૂધસાગર ડેરીને દૈનિક ૫૦ લાખ લિટર દૂધની ક્ષમતાએ પહોંચાડવી છે અને તેના માટે અમો સતતના ધોરણે પ્રયત્નશીલ છીએ.


## ૨૦૨૦ ની સરખામણીમાં ૨૦૨૧ નું દૂધ અને વિવિધ પ્રોડક્ટસનું વેચાણ



મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ ના ચેરમેન શ્રી. અશોકભાઈ બી. ચૌધરી તથા નવનિયુક્ત નિયામક મંડળના અથાગ પ્રયત્નો અને ફેડરેશન સાથેના સુમેળભર્યા સબંધો ના પરિણામે વર્ષ ૨૦૨૧ માં ગામડાઓ સુધી દૂધના વિવિધ ઉત્પાદનો પહોંચાડવાની આગવી સૂઝબૂઝ ને કારણે મહેસાણા ડેરી વર્તમાન સમયમાં ગત વર્ષ કરતાં સંઘ દ્વારા 8% અને અમૂલ ફેડરેશન દ્વારા જિલ્લા બહારના વેચાણમાં 31% જેટલો માતબર વધારો નોંધાવા પામ્યો છે. મહેસાણા દૂધસાગર ડેરી સંચાલિત આપણો ધારૂહેડા ખાતેનો પ્લાન્ટ જે ભૂતકાળમાં ઓછો કાર્યક્ષમ સાબિત થયો હતો તે ધારૂહેડાનો પ્લાન્ટ વર્તમાન સમયે ધમધોકાર ચાલી રહ્યો છે. ધારૂહેડા ખાતેથી પ્રાપ્ત થતા સત્તાવાર આંકડા પ્રમાણે ત્યાંના દૂધના વેચાણમાં અભૂતપૂર્વ 37% નો વધારો જોવા મળી રહ્યો છે. અહીં, છાસના વેચાણમાં 25% અને દહીં ના વેચાણમાં 46% વધારો નોંધાયો છે. તો આપણી, માનેસર ખાતેની ડેરીના દૂધના વેચાણમાં 12%, દહીંમાં 15% , UHT મિલ્કમાં 8.52% અને આઈસ્ક્રીમના વેચાણમાં થયેલો 45% નો તોતીંગ વેચાણ વધારો સફળ વહિવટની ક્ષમતા પુરવાર કરે છે. **(જુઓ ૨૦૨૦ અને ૨૦૨૧ ની સરખામણી કરતાં આપણા ધારૂહેડા ખાતેના પ્લાન્ટ પર વેચાયેલ દૂધ અને વિવિધ પ્રોડક્ટસ નો સત્તાવાર ગ્રાફ)**



## માનેસર ખાતે દૂધસાગર ડેરીના આઈસ્ક્રિમનું ૨૦૨૧ ના વર્ષમાં ઐતિહાસિક વેચાણ (૪૫% વધારો) જુઓ તેનો એક ગ્રાફ





## ૯૦ દિવસ સુધી અકબંધ રહેનાર અમૂલ મોતી દૂધના વેચાણમાં વિક્રમ જનક ૮.૫૨ % નો ગ્રોથ




# નવા નેતૃત્વની કૂનેહ દ્રષ્ટિ અને વહિવટીય સજાગતાના પરિણામે પશુસારવાર માં એક નવી પરંપરા અને નવા માપદંડોનું સ્થાપન થયું

**યથા રાજા તથા પ્રજા !!** એ ન્યાયે, દૂધસાગરના વેટરનરી વિભાગના કર્મચારીઓ પણ ઉત્સાહથી દૂધસાગરની વિકાસ યાત્રામાં સહભાગી બની રહ્યા છે. પોતાના નોકરી સમય દરમ્યાન પોતાનો પૂરેપૂરો સમય સંસ્થાને સમર્પિત કરવાની ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીની પ્રથમ દિવસની સલાહને અનુસરી આજે દૂધસાગર સંઘ એક પારિવારીક ભાવનાથી દૂધસાગરના ભવ્ય ભૂતકાળને જીવંત કરવા સમૃદ્ર મંથન કરી રહ્યો છે. અગાઉ એક દિવસમાં સરેરાશ ૬૫૦ જેટલા પશુઓની વેટરનરી વિભાગ દ્વારા સારવાર થતી હતી. અને, હાલમાં એક પણ વેટરનરી વિભાગના વધારાના કર્મચારીની પ્રત્યક્ષ યા પરોક્ષ ભરતી વિના પ્રતિદીન ૧૧૬૦ પશુઓની સારવાર થઈ રહી છે. અગાઉના સમયમાં ડૉક્ટરનો વિઝીટ ચાર્જ જે ૨૦૦ રૂપિયા થતો તે ઘટાડીને અશોક ચૌધરી ટીમ દ્વારા ૧૦૦ રૂપિયા કરી દેવામાં આવતાં આજે અઢી જિલ્લાના સાડા છ લાખ પશુપાલકો પોતાના પશુઓને દૂધસાગરના નિષ્ણાત પશુ ચિકીત્સકો પાસે સારવાર કરાવવામાં જાગૃત બન્યા હોય તેવું સ્પષ્ટ ચિત્ર ઉપસી રહ્યું છે. **જુઓ : પશુપાલન વિભાગનો આ સત્તાવાર આંકડાકીય ગ્રાફ**




આ સાથે દૂધસાગર ડેરી જગુદણ સંશોધન કેન્દ્ર ખાતે તૈયાર થતી અત્યાધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિના સેક્સડ્ સિમેન ડોઝનો પશુપાલકો વધુમાં વધુ ઉપયોગ કરે તે માટે પશુપાલક જાગૃતિ અભિયાન તરફ આગળ વધી રહ્યું છે. ગત તારીખ ૨૭ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ મળેલી બોર્ડ ઓફ ડાયરેક્ટરર્સ ની મિટીંગમાં મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ ના કાર્યક્ષેત્રના વિસ્તારમાં આવતા પશુપાલકો ને ઉચ્ચ ઓલાદની જાતવાન ભેંસ કે ગાય કે જે દૂધ ની બાબતમાં વધુમાં વધુ ફળદ્રુપતા મેળવે તે દિશામાં નિર્ણયો લેવાઈ ચૂક્યા છે. દૂધસાગર ડેરી આ દ્રષ્ટિકોણને સાકાર કરવા આગામી દિવસોમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા સૂસજ્જ બની એક ચોક્કસ ભંડોળનો ઉપયોગ કરી સમૃધ્ધ પશુપાલન તરફ આગળ વધવાનો રોડમેપ તૈયાર કરવા ઉચ્ચ અધિકારીઓને જરૂરી સૂચનો અપાઈ ચૂક્યા છે.


# નૂતન નિયામક મંડળના પારદર્શક વહિવટનું ઉત્તમ ઉદાહરણ એટલે સાગરદાણની ફેક્ટરીઓ

## આપણી સાગરદાણ ફેક્ટરીઓમાં હાલ પ્રતિદીન ૧૪,૫૦૦ બોરી દાણ ઉત્પાદન - અન્ય દાણ ફેક્ટરીઓ કરતાં ભાવ ૧૫૦ રૂ. ઓછો અને વાર્ષિક ૮૦ કરોડ રૂપિયાનો પશુપાલકોને સીધો ફાયદો

મહેસાણા દૂધસાગર ડેરીના વર્તમાન ચેરમેન પોતાની શુધ્ધ વહિવટીય કાર્યપધ્ધતિ અને સંસ્થાથી મોટો કોઈ સગો નહીં તેવી વિચારધારાથી હાલમાં દૂધસાગર ડેરી સુવર્ણ ભવિષ્યને આકાર આપી રહ્યા છે. ગામડા ગામના પશુપાલકોમાં તેઓ આ સંસ્થાના પારદર્શી વહિવટના પ્રણેતા તરીકે પોતાનું સ્થાન ઉભુ કરી ચુક્યા છે તેનું ઉત્તમ ઉદાહરણ એટલે દૂધસાગર ડેરી સંચાલિત જગુદણ અને ઉબખલ સાગરદાણની ફેક્ટરીઓ ! સાગરદાણના તમામે તમામ રો-મટેરીયલ્સની પારદર્શક ઓનલાઈન ખરીદી અને રીવર્સ ઓક્શન બાદ પણ જરૂર પડે તો નેગોસીએશન કરીને વધુમાં વધુ કરકસર સાથે ઉત્તમ પ્રકારના મટેરીયલ્સ પ્રાપ્ત થાય તે માટે ગોઠવેલી અભેદ કાર્યપધ્ધતીના પરિણામે આજે સાગરદાણની પડતર ઘટાડીને તેનો સીધો ફાયદો પશુપાલકને આપ્યો છે. અગાઉ જે 70 kg. સાગરદાણની બોરી જેનો વેચાણ ભાવ 1350 રૂપિયા હતો તેમાં વહિવટના પ્રથમ દિવસથી 50 રૂપિયા ઘટાડી 1300 રૂપિયા કરી પશુપાલકને સિધો લાભ આપવાના શૂકન કર્યા હતા. સાગરદાણની ગુણવત્તાના ધોરણો કડક કરીને ઓનલાઈન સેન્ટ્રલ મોનિટરીંગની વ્યવસ્થા ઉભી કરવાના પરિણામે આજે સાગરદાણની ગુણવત્તા અને પ્રોડક્શન બન્નેમાં અભૂતપુર્વ વધારો જોવા મળી રહ્યો છે. જગુદણ સાગરદાણના પ્રોડક્શનમાં 38% અને ઉબખલ સાગરદાણ ફેક્ટરીના કારખાનામાં 30% નો પ્રોડક્શન વધારો જોવા મળી રહ્યો છે. ફેક્ટરીમાં કામ કરતાં માણસોના કલાકો અને મશીનરીનો 100% ઉપયોગ થવાને પરિણામે આજે સાગરદાણની ફેક્ટરીઓ પોતાનું શ્રેષ્ઠ પ્રદાન દૂધસાગર સંઘને આપી રહી છે. **જુઓ નીચેનો ગ્રાફ :**





આ ઉપરાંત દૂધસાગર ડેરીમાં વહિવટના પ્રથમ દિવસથી જ કરવામાં આવેલા એક નિર્ણય પૈકી બિનજરૂરી અધિકારીઓના રાજીનામાં, અને એ સિવાય મેન પાવર ખર્ચમાં ઘટાડો થવાથી દૂધના પ્રતિગ્રામ ખર્ચમાં હાલમાં ૦.૩૨ ઘટાડો નોંધાવા પામ્યો છે અને, એ હિસાબથી વાર્ષિક ૨૪ કરોડ રૂપિયાની બચત થવાની સંભાવના ઉચ્ચ અધિકારીઓ વ્યક્ત કરી રહ્યા છે. સામાજિક જવાબદારી નિભાવવાના ભાગરૂપે નવનિયુક્ત નિયામક મંડળે દૂધસાગરના ચેરમેનશ્રી.અશોકભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળ ઓક્સિજન પ્લાન્ટ, ઉકાળા વિતરણ, રહેમરાહે નોકરી અને માસ્ક-સેનેટાઈઝર ની સાથે રસીકરણ અભિયાનમાં અભૂતપુર્વ યોગદાન નોંધાવ્યું છે. સરકાર અને ફેડરેશન ના તમામ કાર્યક્રમોમાં વ્યક્તિગત રીતે ઉપસ્થિત રહી ચેરમેનશ્રી સતત ના ધોરણે સરકાર અને ફેડરેશનને દૂધસાગરની વિવિધ સમસ્યાઓથી અવગત કરાવી રહ્યા છે. જેનો ફાયદો આવનાર ભવિષ્યમાં ચોક્કસ થવાનો છે. દૂધસાગર ડેરીના બદલાયેલા વહિવટનો જાગૃત લોકસંપર્ક દૂધસાગરની અનેક સમસ્યાઓનો ઉકેલ શોધવા સક્ષમ છે. વહિવટના શરૂઆતના દિવસોથી જ વિવિધ બેંકોના અધિકારીઓને મળી ચેરમેનશ્રીએ વ્યાજ ઘટાડા માટે જે અભૂતપુર્વ કામ કર્યું છે તે દર્શનીય છે. અગાઉ ; આપણે દૂધસાગર વતીથી જુદી-જુદી બેંકોમાંથી જે ધિરાણ લીધુ હતું તેના બદલામાં 52.30 કરોડ વ્યાજ ચૂકવવું પડતું હતું. સંસ્થાના વડા અને નિયામક મંડળના સહિયારા પ્રયત્નથી તે વ્યાજમાં ઘટાડો કરી આજે આપણે 39.32 કરોડ ચૂકવી રહ્યા છીએ. આમ, જાગૃત વહિવટને પરિણામે વર્તમાન સમયે દૂધસાગરના 12.98 કરોડ રૂપિયાની બચત થઈ રહી છે. **જુઓ નીચેનો ગ્રાફ :**




(સદર ગ્રાફ વાંચકોને સમજમાં આવે તે માટે મુકવામાં આવેલો છે. રૂપિયાના બંડલો પ્રતિકાત્મક છે જેની નોંધ લેવી : તંત્રી)

સત્તા સંભાળ્યાના પ્રથમ દિવસથી જ પોતાના પદને તપસ્યા માની દૂધસાગર સાથેનું સંસ્થાના વડાનું આ જોડાણ અનેક રીતે દૂધસાગર ડેરીને મદદરૂપ બન્યું છે. દૂધસાગરમાં અગાઉ પ્રોસેસીંગ ખર્ચ વધારે આવતો હોવાથી વિવિધ પ્રોડક્ટસની પડતર ઉંચી આવતી હતી. પરંતુ, ચેરમેનશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ વિવિધ ઉપાયોથી પ્રોસેસીંગ ખર્ચમાં ઘટાડો કરવામાં આવ્યો છે. એપ્રિલ ૨૦૨૦ થી નવેમ્બર ૨૦૨૦ સુધી આ ખર્ચ ૭૦.૯૭ કરોડ હતો જે વર્તમાન ૨૦૨૧ - એપ્રિલ થી નવેમ્બર -૨૦૨૧ સુધી ૫૭.૪૫ કરોડ થવા પામ્યો છે. આ દિશામાં પણ સંસ્થા એક વર્ષમાં ૧૩.૫૨ કરોડ રૂપિયાની બચત કરવામાં સફળ રહી છે.

**જુઓ નીચેનો ગ્રાફ :**




નવા નેતૃત્વના સ્પષ્ટ પારદર્શી વહિવટીય ક્ષમતાથી હાલમાં દૂધસાગરને સ્પષ્ટ ન દેખાય - પણ - નક્કર ફાયદો થઈ રહ્યો છે. ડિજીટલ એજ્યુકેશન માટે બે અધતન વાન હાલમાં દૂધસાગરના કાર્યક્ષેત્રોમાં કોમ્પ્યુટર જ્ઞાનનો દિપક પ્રગટાવી રહી છે. દૂધસાગરના વર્તમાન ચેરમેનની સતત જાગૃતિ અને સંસ્થા પ્રત્યેનો ભક્તિભાવ આવનાર ભવિષ્યમાં (અનેક કામો પાઈપ લાઈનમાં હોવાથી અમો લખી શકતા નથી ) નવા કિર્તીમાન સ્થાપીત કરશે તેવો સ્પષ્ટ અણસાર અત્યારે દૂધસાગર ડેરીની દિવાલો અને વાતાવરણમાં વર્તાઈ રહ્યો છે. આખરે આપણે બધા પણ આ દૂધસાગરના જ સંતાનો છીએ ત્યારે ચાલો સાથે મળી પ્રાર્થના કરીએ : આપણું આ દૂધમંદિર વિશ્વમાં પોતાનું આગવું અને ગૌરવવંતુ સ્થાન પુનઃપ્રાપ્ત કરે !! આ સંસ્થાના બે મહાન પૂણ્યાત્માઓ એવા સ્વ.માનસિંહભાઈ પટેલ અને સ્વ.મોતીભાઈ ચૌધરીની અખંડ ચેતનાને દૂધસાગર પત્રિકાના લાખો વાંચકો વતીથી શત્ શત્ નમન : ॥

**(તારીખ ૧૫ જાન્યુઆરી - ૨૦૨૧ થી તારીખ ૨૦ ડિસેમ્બર -૨૦૨૧ સુધી ની આ વિકાસ યાત્રાના શાબ્દીક આલેખન માટે દૂધસાગર પત્રિકાને મદદરૂપ બનેલા દૂધસાગરના તમામ અધિકારીઓ અને કર્મચારીઓનો આભાર પ્રગટ કરીએ છીએ.. તંત્રી)**

## TEAM અશોક ચૌધરીના અથાગ પ્રયત્નોથી

### ૨૨૮૧ પશુપાલકોની ચાર વર્ષથી અટવાઈ ગયેલી કરોડોની વિમા રકમ મંજૂર


(તસ્વીર : પ્રતીકાત્મક)

(અહેવાલ : દૂધસાગર પત્રિકા)

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ દ્વારા આ સંસ્થા સાથે જોડાયેલા લાખો દૂધ ઉત્પાદકોનો જીવન વીમાનું ધારાધોરણ અનુસાર પ્રિમીયમ ભરવામાં આવે છે. આશરે ૪ લાખ જેટલા સક્રિય દૂધ ઉત્પાદકોને હાલમાં આ લાભ પ્રાપ્ત થઈ રહ્યો છે. વિવિધ વીમા કંપનીઓ સાથે સંકલન સાધી મહેસાણા જિલ્લા દૂધ સંઘ દૂધ ઉત્પાદકોના પરિવાર જનોનું ભવિષ્ય સલામત કરવા આ આયોજન કરતી આવી છે. વિવિધ કારણોસર વર્ષ ૨૦૧૮ થી વર્તમાન વર્ષ ૨૦૨૧ સુધી વીમા કંપનીઓએ અનેક દૂધ ઉત્પાદકોના વીમા ક્લેઈમની રકમની ચૂકવણીમાં વિલંબ કરી રહી હતી. આ સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીના ધ્યાનમાં આ બાબત આવતાં તેમણે વારંવાર વીમા કંપનીઓના અધિકારીઓ સાથે બેઠક કરી ૨૦૧૮/૧૯ ના ૧૨૯ વીમા ધારકો, ૨૦૧૯/૨૦ ના ૧૭૧ વીમા ધારકો, ૨૦૨૦/૨૧ ના ૧૭૩૧ વીમા ધારકો અને ૨૦૨૧/૨૨ ના ૨૫૦ એમ કુલ ૨૨૮૧ દૂધ ઉત્પાદકોના ૬ કરોડ ૭૧ લાખની રકમ અપાવવામાં સફળતા મેળવી છે. જે ધન્યવાદને પાત્ર છે !!

## ૭૯,૦૭૮ કિ.મી.નો સ્વખર્ચે પ્રવાસ

### શાસનના ૩૫૦ દિવસોમાંથી ૨૭૦ દિવસ દૂધસાગરને સમર્પિત



કોઈપણ સહકારી સંસ્થા ના વડા માટે તે સંસ્થાનો સભાસદ સૌથી પ્રથમ હોવો જોઈએ. દૂધસાગરનો આત્મા એ પશુપાલક છે. અને, દૂધ ઉત્પાદક એ સંસ્થાનો પ્રાણદાતા છે. આ વિચારને પ્રથમ દિવસથી જ જીવંત કરનાર મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ચેરમેન શ્રીએ પરીપૂર્ણ કરવાનો સતત પ્રયત્ન કર્યો છે. આગામી ૧૫ જાન્યુઆરી ૨૦૨૨ ના રોજ તેમના વહિવટને એક વર્ષ પૂર્ણ થતું હોઈ દૂધસાગર પત્રિકાએ ચેરમેનશ્રીના રોજીંદા પ્રવાસોનું ટેબલ તપાસવાનો પ્રયત્ન કર્યો. સાહેબ સાથે જોડાયેલા ડ્રાઈવર અને અંગત મદદનીશ સાથે અન્ય લોકોનો સંપર્ક કરતાં અમને જાણવા મળ્યું કે શાસનના આ દિવસોમાં તેમણે પશુપાલકોને મળવાની એક પણ તક નથી ગુમાવી. જાણકારી પ્રમાણે તેઓએ આ સમય દરમ્યાન ૭૪ દૂધસાગર ડેરીને લગતા પ્રવાસો, ૮૩ સત્કાર સમારંભો, ૩૨ ખાનગી અને શૈક્ષણિક પ્રવાસો તથા ૧૦૩ પશુપાલકોના સામાજિક પ્રસંગો અને ૩૨ ધાર્મિક પ્રસંગોમાં ઉપસ્થિત રહી દૂધસાગર સદા પશુપાલકોની સાથે હોવાનું ઉત્તમ ઉદાહરણ ઉભું કર્યું છે.

# સ્વસ્થ પશુ : સમૃદ્ધ પશુપાલક

(ભાગ : ૩)



## કરો આ દેશી ઉપચાર ...ગાય ભેંસ ની તબિયત રહેશે ખુશહાલ

### મેલી / જર ના પડવી

**સામગ્રી :**

(૧) મૂળો : ૪ નંગ (૨) ભીંડા : ૧.૫ કિલો (૩) ગોળ : જરૂરિયાત પ્રમાણે (૪) મીઠું જરૂરીયાત પ્રમાણે

**બનાવવાની રીત :**

ભીંડાને બે ભાગમાં કાપી દો

**ઉપયોગ કરવાની રીત :**

(૧) વિયાણના ૨ કલાકમાં ચાર આખા મૂળા ખવડાવો. (૨) જો ૮ કલાક સુધીમાં મેલી ના પડે તો ૧.૫ કિલો ભીંડા, ગોળ અને મીઠા ખવડાવો. (૨) જો ૧૨ કલાક સુધી મેલીના પડે તો મેલી ને છેક ઉપરના ભાગે થી ગાંઠ મારીને ૨ ઇંચ નીચેથી કાપી દો. ગાંઠ જાતે જ જતી રહેશે. (૪) મેલીને હાથથી કાઢશો નહિ. (૫) ૧ મોટી સાઈઝનો મૂળો અઠવાડિયામાં ૧ વખત ચાર અઠવાડિયા સુધી ખવડાવો.

### ઉથલા મારવા / ઠરવું નહિ

**સામગ્રી :**

(૧) મૂળો (૨) કુંવરપાઠું (૩) સાંધાવેલ (૪) ગોળ (૫) મીઠો લીમડો (૬) સરગવો (૭) હળદર (૮) મીઠું

**ઉપયોગ કરવાની રીત :**

(૧) ગરમીમાં આવ્યાના પહેલા કે બીજા દિવસે આ પ્રક્રિયા ચાલુ કરવી (૨)નીચે બતાવેલ ક્રમ પ્રમાણે તાજી સામગ્રી પશુને ગોળ અને મીઠા સાથે દિવસમાં એકવાર ખવડાવવી.

(અ) રોજ ૧ મૂળો ૫ દિવસ સુધી (બ) રોજ ૧ કુંવરપાઠાનું પાન ૪ દિવસ સુધી (ક) રોજ ૪ મુઠ્ઠી સરગવાના પાન ૪ દિવસ સુધી (ડ) રોજ ૪ મુઠ્ઠી સાંધાવેલ ૪ દિવસ સુધી (ઇ) રોજ ૪ મુઠ્ઠી મીઠા લીમડાના પાન હળદર સાથે ૪ દિવસ સુધી (ફ) જો પશુ ગાભણ ના થાય તો ઉપર પ્રમાણેની પ્રક્રિયા ફરી એકવાર કરો.

**નોંધ :**

જો પશુ બગાડ કાઢતું હોય તો મૂળાનો ઉપયોગ કરવો અને બગાડ ના કાઢતું હોયતો ક્રમ (બ) થી પ્રક્રિયા ચાલુ કરવી.

### માટી / ગર્ભાશય ખસી જવું /પૂંઠું ભરવું / દિલ કાઢવું

**સામગ્રી :**

(૧) કુંવરપાઠું (૨) લજામણીના પાન (૩) હળદર

**બનાવવાની રીત :**

(૧) કુંવરપાઠું ના પાનની જેલ કાઢી લો. (૨) જેલની ચિકાસ નીકળી ના જાય ત્યાં સુધી પાણીથી સાફ કરો. (૩) એક ચપટી હળદર નાખીને મિશ્રણ અડધું થઈ જાય ત્યાં સુધી ગરમ કરો અને ઠંડું થવા દો. (૪) લજામણીના પાનને વાટીને મલમ બનાવો.

**ઉપયોગ કરવાની રીત :**

(૧) ખસી ગયેલ માટી (ગર્ભાશય) ને ચોખ્ખા ઠંડા પાણીથી સાફ કરો. (૨) ઠંડા થયેલ મિશ્રણને બહાર નીકળી ગયેલ માટી પર લગાડો (૩) મિશ્રણ સુકાઈ જાય પછી ગર્ભાશય પર લજામણીના પાનનો મલમ લગાડો (૪) જ્યાં સુધી સ્થિતિ સુધરે નહિ ત્યાં સુધી લગાવતા રહો.

### ઈતરડીની દવા

**સામગ્રી :**

(૧) લસણ ૧૦ કળી (૨) લીમડાના પાન એક મુઠ્ઠી (૩) લીમડાના ફળ (લીંબોડી) એક મુઠ્ઠી (૪) ધાબા બાજરીયા/વચ્છાનાં મૂળ ૧૦ ગ્રામ (૫) હળદર ૨૦ ગ્રામ (૬) ગંધારું (રૂખડી) ના પાન એક મુઠ્ઠી (૭) તુલસીના પાન એક મુઠ્ઠી

**બનાવવાની રીત :**

(૧) બધી સામગ્રીને મીક્ષરમાં મિક્ષ કરો (૨) મિશ્રણમાં એક લિટર ચોખ્ખું પાણી ઉમેરો (૩) હવે મિક્ષણને ગરણીથી ગાળી લો (૪) ગાળેલ પાણીને સ્પ્રે થાય તેવી બોટલમાં ભરી લો

**ઉપયોગ કરવાની રીત :**

(૧) પશુના આખા શરીર પર ગાળેલ પાણીનો સ્પ્રે કરો (૨) આ સ્પ્રે પશુના વાડામાં અને દિવાલની તિરાડોમાં છાંટો (૩) એક ચોખ્ખા કપડાને પાણીમાં ભીનું કરીને પણ પશુના શરીર પર લગાવી શકાય (૪) જ્યાં સુધી કથીરી (ઈતરડી) જતી ના રહે ત્યાં સુધી અઠવાડીયામાં એક વાર લગાડો (૫) આ પ્રક્રિયા દિવસ દરમ્યાન જ કરો.

### આફરો અથવા અપચોની દવા

**સામગ્રી :**

(૧) ડુંગળી ૨ નંગ (૨) લસણ ૧૦ કળી (૩) સુકા મરચાં ૨ નંગ (૪) જીરૂ ૧૦ ગ્રામ (૫) હળદર ૧૦ ગ્રામ (૬) નાગરવેલના પાન ૧૦ નંગ (૭) ગોળ ૧૦૦ ગ્રામ (૮) કાળા મરી ૧૦ ગ્રામ (૯) આદુ ૧૦૦ ગ્રામ (૧૦) મીઠું જરૂરીયાત પ્રમાણે.

**બનાવવાની રીત :**

(૧) કાળા મરી અને જીરૂને પાણીમાં ૩૦ મિનીટ પલાળી રાખો (૨) ઉપરોક્ત તમામ સામગ્રીને દળીને પેસ્ટ બનાવો

**ઉપયોગ કરવાની રીત :**

(૧) મિશ્રણની નાની લાડુડીઓ બનાવી દો (૨) લાડુડીને મીઠા સાથે દિવસમાં ત્રણ-ચાર વાર ખવડાવો (૩) રોજ તાજુ મિશ્રણ બનાવી ઉપર પ્રમાણે ત્રણ દિવસ ખવડાવો

### કરમિયાં / કૃમિની દેશી દવા

**સામગ્રી :**

(૧) ડુંગળી ૧ નંગ (૨) લસણ ૫ કળી (૩) રાઈ ૧૦ ગ્રામ (૪) કડવા લીમડાના પાન એક મુઠ્ઠી (૫) જીરૂ ૧૦ ગ્રામ (૬) કારેલાં ૫૦ ગ્રામ (૭) હળદર ૫ ગ્રામ (૮) કાળા મરી ૫ ગ્રામ (૯) કેળનું / પ્રકાંડ ૧૦૦ ગ્રામ (૧૦) કુબાના પાન ૧ મુઠ્ઠી (૧૧) ગોળ ૧૦૦ ગ્રામ

**બનાવવાની રીત :**

(૧) કાળા મરી, જીરૂ અને રાઈને પાણીમાં ૩૦ મિનીટ પલાળી રાખો (૨) ત્યારબાદ ઉપરોક્ત તમામ સામગ્રીને દળીને પેસ્ટ બનાવો

**ઉપયોગ કરવાની રીત :**

(૧) મિશ્રણની નાની લાડુડીઓ બનાવી દો (૨) લાડુડીને મીઠા સાથે દિવસમાં ત્રણ-ચાર વાર ખવડાવો (૩) રોજ તાજુ મિશ્રણ બનાવી ઉપર પ્રમાણે ત્રણ દિવસ ખવડાવો



### દૂધસાગર ડેરી સંચાલિત પશુસંવર્ધન કેન્દ્ર જગુદણ ખાતે વૈજ્ઞાનિક પધ્ધતિથી તૈયાર થતા સીમેન ડોઝથી

# ભરોસાની ભેંસ હવે પાડી જ જણશે અને હા, ગાય હશે તો વાછરડી






મહેસાણા દૂધસાગર ડેરી સંચાલિત પશુસંવર્ધન કેન્દ્ર ખાતે અત્યાધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિથી તૈયાર થતા સેક્સડ્ સીમેન તૈયાર કરતી અદ્યતન લેબોરેટરીનું એક દ્રશ્ય

**(અહેવાલ : દૂધસાગર પત્રિકા)**

એક તરફ સમગ્ર વિશ્વમાં શુધ્ધ દૂધની માંગ મોટા પ્રમાણમાં ઉઠવા પામી છે. અને ભારત વિશ્વ કક્ષાએ દૂધની શુધ્ધતા- અને - ઉત્પાદન માટે વિશ્વ નામાંકિત પણ બન્યું છે. પરંતુ , બદલાતા યુગ સાથે ભારતમાં પશુપાલન કરવા પ્રત્યે એક નવી પેઢી ઉદાસીન બની છે. દૂધના વ્યવસાયને સમગ્ર રીતે જો વૈજ્ઞાનિક પધ્ધતિ અનુસાર અપનાવવામાં આવે તો આ વ્યવસાયમાં પ્રગતિની અપાર શક્તિઓ રહેલી છે. ઓછા જાનવરથી વધુ દૂધ મેળવવું અને ઉત્તમ ઓલાદ ના દૂધ આપનારા ઢોર પેદા કરવા હવે વૈજ્ઞાનિક સંશોધનોનો સહારો લેવો તે પશુપાલનના ધંધા માટે અત્યંત જરૂરી બાબત બની ગઈ છે. આજે અમે દૂધસાગર પત્રિકા સાથે જોડાયેલા મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના લાખો પશુપાલકોને મહેસાણા દૂધ સાગર ડેરી સંચાલિત જગુદણ સંશોધન કેન્દ્ર ખાતે તૈયાર થતા સેક્સડ્ સિમેન ડોઝ : કે જેનાથી ભેંસને પાડી અને ગાયને વાછરડી ની શક્યતા ૯૦% વધી જાય છે. તે વૈજ્ઞાનિક પધ્ધતિથી તૈયાર થતા ડોઝ અંગેની જાણકારી સરળ શબ્દોમાં વાંચકને સમજાય તેનો નમ્ર પ્રયાસ આપની સમક્ષ મૂકી રહ્યા છીએ.

**સેક્સડ્ સીમેન (લિંગ આધારીત વીર્ય) એટલે શું ?**

સેક્સડ્ = લિંગ કે જાતિ અને સીમેન = વીર્ય.

સેક્સડ્ સીમેન નો અર્થ લિંગ આધારીત વીર્ય થાય છે.

આ ડોઝની બનાવટની પધ્ધતિ અનુસાર નર (પાડા કે આખલા) નું વીર્ય લઈ ફક્ત પાડી કે વાછરડી જન્મે (૯૦% કિસ્સામાં) તે પ્રકારની અત્યાધુનિક પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

માણસ હોય કે જાનવર !! તેના બચ્ચાની જાતિ (નર કે માદા) માટે ફક્ત નરની જ ભૂમિકા જવાબદાર હોય છે. નર જાતિના નર જાતિના (પાડા કે આખલા) ના જનન કોષો (શુક્રાણું) માં “xy” પ્રકારનાં રંગસૂત્રો હોય છે જ્યારે, માદા જાતિના પ્રાણીઓ ના પ્રજનન કોષો (અંડકોષો) ના “xy” પ્રકારના રંગસૂત્રો હોય છે. પ્રજનનની ક્રિયા વખતે માદાના અંડકોષને, નરના x પ્રકારના શુક્રાણુ ફલિત કરે તો xx એટલે કે માદાનો ગર્ભ બને છે જ્યારે નરના Y પ્રકારના શુક્રાણું ફલિત કરે તો XY એટલે કે નરનો ગર્ભ બને છે. આમ, ઈચ્છિત લિંગ અથવા બચ્ચું મેળવવા નરના વીર્યમાં રહેલ X અથવા Y પ્રકારના શુક્રાણુને વૈજ્ઞાનિક પધ્ધતિથી છૂટા પાડવામાં આવે તેને સેક્સડ્ સીમેન (લિંગ આધારીત વીર્ય) કહેવામાં આવે છે. અને જગુદણ પશુ સંવર્ધન કેન્દ્ર ખાતે વૈજ્ઞાનિક પધ્ધતિથી શુક્રાણુઓને છુટા પાડી ગાય કે ભેંસ માટે માદા બચ્ચાનો જ જન્મ થાય તેવી પધ્ધતિને વિક્સાવવામાં આવી છે. જેમાં પરિક્ષણના અંતે ૯૦% સફળતા પ્રાપ્ત થઈ રહી છે. નર જાતિના આખલા કે પાડાના જરૂરી જ શુક્રાણું પૈકીના ડી.એન.એ કે જે માદાને જન્મ આપી શકે તેને અલગ કરી આ ડોઝ તૈયાર કરવામાં આવે છે. આ પધ્ધતિનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ અમેરિકા, યુરોપ, કેનેડા, બ્રાઝીલ, ચીન, જાપાન વિગેરે દેશોમાં ઘણા વર્ષોથી થાય છે. આ પધ્ધતિ વૈજ્ઞાનિક માન્યતા પ્રાપ્ત પણ છે.

**સેક્સડ્ સીમેન (લિંગ પરીક્ષણ આધારીત વીર્ય) ના ફાયદા :**

- આ સીમેનના ઉપયોગથી ફક્ત પાડી કે વાછરડી જન્મતી હોવાથી દૂધ ઉત્પાદનનો વ્યવસાય ઘણો જ નફાકારક બની રહે છે. કારણે કે વાછરડા ન જન્મતા હોવાથી દૂધ ઉત્પાદનનો ઘાસચારા જેવાં સંસાધનો નો બચાવ થાય છે.
- આ સીમેનના ઉપયોગથી દૂધ ઉત્પાદનના ઘેર જ પેદા અને તૈયાર થયેલ નવી ગાયો કે ભેંસો આવવાથી તેમના પશુઓનું ધણ યુવાન જ રહે છે.

**દૂધસાગર ડેરીના વહિવટ દારોના ઉદાર અભિગમ અને પ્રયત્નો થકી અગાઉ ૬૪૦ રૂપિયામાં પડતો પ્રત્યેક ડોઝ દૂધસાગરના પશુપાલકને માત્ર રૂપિયા ૫૦ માં જ આપવામાં આવે છે.**

અમેરીકાની જીનસ બ્રિડીંગ નામની કંપની પાસે આ ડોઝ બનાવવાના હક રહેલા છે. જગુદણ ખાતે દૂધસાગરની લેબમાં આ કંપની દ્વારા ડોઝ તૈયાર કરવામાં આવે છે. ૧ નવેમ્બર ૨૦૨૧ સુધી આપણે આ કંપની દ્વારા તૈયાર થતા પ્રત્યેક ડોઝની ૬૪૦ રૂપિયા કિંમત ચુકવતા હતા પરંતુ નવા મેનેજમેન્ટની વાર્તાલાપ ને અંતે આપણે તેમાં રૂપિયા ૫૦ નો ઘટાડો કરી હાલ ૫૯૦ રૂપિયામાં ખરીદી રહ્યા છીએ. સંસ્થાના ચેરમેનશ્રીના પ્રયત્નો થકી હાલ ફેડરેશન આપણને પ્રત્યેક ડોઝ ઉપર ૫૦% સબસીડી આપે છે. જેથી આ ડોઝ આપણને ૨૯૫ રૂપિયામાં પડે છે. મહેસાણા દૂધસંઘના ગ્રાહકો સમૃધ્ધ પશુપાલન તરફ આગળ વધે અને આ વૈજ્ઞાનિક સફળ ડોઝનો વધુમાં વધુ ઉપયોગ કરે તે માટે દૂધસાગર ડેરી ૨૪૫ રૂપિયાનો ભાર પોતાના માથા ઉપર લઈ ગ્રાહકને માત્ર ૫૦ રૂપિયામાં આ ડોઝ પહોંચાડે છે ત્યારે પશુપાલકો હવે જાગૃત બન્યા છે. ચરાડા ગામની દૂધ મંડળીએ તો પોતાના તમામ પશુઓમાં આ ડોઝ વાપરવા ઠરાવ કર્યો છે. શ્રી. અશોક ચૌધરીની ઉદાર દ્રષ્ટિને કારણે જગુદણ લેબમાં આ સીમેન ડોઝની ઉત્પાદન ક્ષમતા ૧૭૫૦૦૦ થી વધી બે લાખ ડોઝ પ્રતિ વર્ષ બની રહ્યા છે અને લેબોરેટરીમાં હાલમાં ત્રણ શિફ્ટમાં પ્રોડક્શન ધમધમી રહ્યું છે. દૂધસાગરના સભાસદો આ ભરપુર લાભ ઉઠાવે તેવી અભ્યર્થના.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા